## પ્રકરણ એક

# તેનો જન્મ અને પૂર્વ-અસ્તિત્વ

કરોડો લોકો આ ગ્રહ ઉપર જીવે છે અને મરણ પામે છે. શા કારણથી વ્યક્તિનો જન્મ અજોડ બને છે? શું વ્યક્તિ પોતે પોતાના જન્મનો સમય, સ્થળ, અથવા કુટુંબ નક્કી કરી શકે ખરો? પ્રકરણમાં આપણે ઈસુના જન્મને તથા તેના ઉદ્ગમસ્થાનની તપાસ કરીશું એ જોવા કે જેમ બાઈબલ દાવો કરે છે તે કઈ રીતે આપણાથી જુદો છે.

> **વધારાની માહિતી:** યશાયાનું પુસ્તક યહૂદી પ્રાચીન શાસ્ત્રનો ભાગ છે અને ઈસુનાં જન્મના 700 વર્ષ પૂર્વે લખાયું હતું. આ પુસ્તકમાં યશાયા પ્રબોધકે આવનાર મસીહના જન્મ, જીવન, મરણ, દફન અને પુનરુત્થાન વિશે ભવિષ્યવાણીઓ કરી હતી.

COPY

## શોધો :

યશાયા 7 : 14 અને 9 : 6 - 7 કલમો વાંચો

- **આવનાર મસિહ** વિશેના દરેક સંદર્ભ ઉપર ક્રોસની નિશાની † કરો તેમાં **બાળક** અને **પુત્ર**નો પણ સમાવેશ કરો. બાઈબલના ફકરાઓને અલગથી નિશાનીઓ કરવાથી આપણને ધીરેથી આગળ વધવા અને ચાવીરૂપ શબ્દો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ થાય છે.

### યશાયા 7 : 14

14. તે માટે પ્રભુ પોતે તમને ચિહ્ન આપશે; જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્ર જણશે, અને તેનું નામ તે ઈમ્માનુએલ પાડશે.(નોંધ: ઈમ્માનુએલ જેનો અર્થ "દેવ આપણી સાથે.")

**યશાયા 9 : 6 - 7**

૬. કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે;
તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્ભૂત મંત્રી, પરાક્રમી દેવ,
સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.
૭. દાઉદના રાજ્યાસન ઉપર ને તેના રાજ્ય ઉપર, તેને ઈન્સાફ તથા ન્યાયીપણાથી
તે સમયથી તે સર્વકાળ સુધી સ્થાપવા તથા દઢ કરવા સારુ તેની સત્તાની વૃદ્ધિનો
તથા શાંતિનો પાર રહેશે નહિ. સૈન્યોના (દેવ) યહોવાની ઉત્કંઠાથી આ થશે.

ફરીવાર યશાયા 9 : 6 - 7 વાંચો અને આ વખતે

- **રાજ્યાધિકાર, રાજ્યાસન, રાજ્ય** અને તેના સર્વનામો ઉપર મુગટની નિશાની કરો. 
- સમયના દરેક સંદર્ભ ઉપર ગોળ કરો જેમ કે **સર્વકાળ, સનાતન, તે સમયથી**

**પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો.**

- પુત્ર જે કુંવારીથી જનમશે તેના અપાયેલા નામો અને શીર્ષકો ક્યાં છે?

- યશાયા 9 માં તેની સત્તા અને રાજ્યની લાક્ષણિક્તાનું વર્ણન કરવા કયા શબ્દોનો ઉપયોગ કરાયેલો છે?

COPY

- આ કેવી રીતે પરિપૂર્ણ થશે? (વાંચો યશાયા 9 : 7)

## શોધો :

દેવે ઈસુના પૂર્વજ રાજા દાઉદને વચન આપ્યું હતું કે તેનું રાજ્ય સર્વકાળનું રાજ્ય રહેશે અને તેનો ક્યારેય અંત આવશે નહિ (2 શમુએલ 7:12-17 ).

આપણે યશાયામાં વાંચીએ છીએ તે મુજબ કુંવારીથી જન્મેલ મસીહ દાઉદના રાજ્ય ઉપર સદાકાળ માટે રાજ કરશે.

હવે આ ભવિષ્યવાણીની પરિપૂર્તિ વિશે વાંચવાના છે, ઈસુ કુંવારી દ્વારા જન્મ્યો જેનું નામ મરિયમ હતું. ચારમાંથી એક સુવાર્તા લખનાર લૂક નવા કરારમાં તે ઘટનાની નોંધ કરે છે.

COPY

ચાલો વાંચીએ લૂક 1 : 26 - 35

- **ઈસુ** વિશેના દરેક સંદર્ભ ઉપર ક્રોસની નિશાની † કરો. તેમાં **દીકરો** અને **પવિત્ર દેવનો દીકરો** સમાવેશ કરો.

**લૂક 1 : 26 - 35**

26. છઠ્ઠે મહિને ગાબ્રિયેલ દૂતને નાસરેથ નામે ગાલીલના એક શહેરમાં એક કુમારિકાની પાસે દેવ તરફથી મોકલવામાં આવ્યો.
27. દાઉદના વંશના, યુસફ નામે એક પુરુષ જોડે તેની સગાઈ થઈ હતી; તે કુમારિકાનું નામ મરિયમ હતું.
28. દૂતે તેની પાસે આવીને કહ્યું કે હે કૃપા પામેલી, સુખી રહે, પ્રભુ તારી સાથે છે.
29. પણ એ વાત સાંભળીને તે ઘણી ગભરાઈ ને વિચાર કરવા લાગી કે, આ તે કઈ જાતની સલામ હશે!
30. દૂતે તેને કહ્યું કે, હે મરિયમ, બી મા; કેમ કે તું દેવથી કૃપા પામી છે.

31. જો, તને ગર્ભ રહેશે ને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે.
32. તે મોટો થશે, ને પરાત્પરનો દીકરો કહેવાશે; અને દેવ પ્રભુ તેને તેના પિતા દાઉદનું રાજ્યાસન આપશે.
33. તે યાકૂબના ઘર પર સર્વકાળ રાજ કરશે, ને તેના રાજ્યનો અંત આવશે નહિ.
34. મરિયમે દૂતને કહ્યું કે, એ કેમ કરીને થશે? કેમ કે મેં કોઈ પુરુષને જાણ્યો નથી.
35. દૂતે તેને ઉત્તર આપ્યો કે, પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદાન કરશે, માટે જે (તારાથી) જનમશે તે પવિત્ર, દેવનો દીકરો, કહેવાશે.

લૂક 1 : 26 - 35 ફરી વાર વાંચો અને આ વખતે

- **રાજ્યાસન, રાજ્ય અને રાજ** ઉપર મુગટનું નિશાની કરો.
- **સમયના** દરેક સંદર્ભ ઉપર ગોળ કરો જેમ કે **સર્વકાળ**, અને **અંત આવશે નહિ.**

COPY

**પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો:**

- ઈસુ પર નિશાન અને અવલોકન કરવા દ્વારા તમે શું શીખ્યા?

- તેના રાજ્યના કાર્યક્ષેત્ર વિશે તમે શું શીખ્યા? સમયના સંદર્ભોનું નિકટથી અવલોકન કરો.

- લૂક 1:34 મુજબ મરિયમની ચિંતા શું હતી? તેની ચિંતા વિશે દૂતે કેવી રીતે જવાબ આપ્યો?

- આપણી સાથે સરખાવતા ઈસુ કઈ રીતે અજોડ હતો?

- યશાયા 7:14 અને 9 : 6 - 7 ની ભવિષ્યવાણી જે તમે આગળના ભાગમાં વાંચ્યું હતું તેની પરિપૂર્તિની નોંધ કરો. શું પરિપૂર્ણ થયું અને શું બાકી રહ્યું છે?

COPY

આ મસીહ વિશે શાસ્ત્ર શું કહે છે તે જોવા ચાલો વધુ આગળ વાંચીએ.

## શોધો :

યોહાન 1:1 - 3, 14 - 17 અને કલોસી 1:13 - 17 વાંચો અને....

- ઈસુ વિષેના દરેક સંદર્ભ ઉપર ક્રોસનું નિશાન † કરો તેમાં **શબ્દ, દીકરો** અને **એકાકીજનિત** નો સમાવેશ કરો.
- **સમયના** દરેક સંદર્ભ ઉપર ગોળાકારનું નિશાન કરો જેમ કે **આદિએ, પ્રથમજનિત, પાછળ, આગળ** અને **અગાઉ.**

### યોહાન 1:1- 3,14 - 17

**1.** આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો.

2. તે જ આદિએ દેવની સંઘાતે હતો.

3. તેનાથી સઘળું ઉત્પન્ન થયું; એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ.

**14.** શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો), તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.

15. યોહાન તેના વિષે શાહેદી આપે છે અને ઘાંટો પાડતા કહે છે કે, જેના વિષે મેં કહ્યું છે કે, મારી પાછળ જે આવે છે તે મારી આગળ થયો છે, કેમ કે તે મારી અગાઉ હતો, તે એ જ છે.

16. કેમ કે અમે સર્વ તેની ભરપૂરીમાંથી કૃપા પર કૃપા પામ્યા.

17. કેમ કે નિયમશાસ્ત્ર મૂસાની મારફતે આપવામાં આવ્યું; પણ કૃપા તથા સત્યતા ઈસુ ખ્રિસ્તની મારફતે આવી.

### કલોસ્સી 1:13 - 17

13. તેણે અંધકારના અધિકારમાંથી આપણને છોડાવ્યા તથા પોતાના પ્રિય પુત્રના રાજ્યમાં આણ્યા.

14. તેનામાં આપણને ઉદ્ધાર, એટલે પાપોની માફી, છે.

**15.** તે અદૃશ્ય દેવની પ્રતિમા, સર્વ સૃષ્ટિનો પ્રથમજનિત છે;

16. કેમ કે તેનાથી બધાં ઉત્પન્ન થયાં, જે આકાશમાં છે તથા જે પૃથ્વી પર છે, જે દૃશ્ય તથા અદૃશ્ય છે, રાજ્યાસનો કે રાજ્યો કે અધિપતિઓ કે અધિકારીઓ સર્વ તેની મારફતે તથા તેને સારુ ઉત્પન્ન થયા.

17. તે સર્વ કરતાં આદિ છે, અને તેનાથી સર્વ વ્યવસ્થિત થઈને રહે છે.

## પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો.

- ઈસુના સંદર્ભ ઉપર નિશાની કરવા દ્વારા તમે શું શીખ્યા?

COPY

- યોહાન 1:3 મુજબ સર્વનો સર્જનહાર કોણ છે?

- આપણે યોહાન 1:14 માં વાંચીએ છીએ કે શબ્દ સદેહ થયો અને માણસોમાં વસ્યો. આ કોના વિશે કહી રહ્યો છે?

- અદૃશ્ય દેવની પ્રતિમા કોણ છે?

- આકાશ અને પૃથ્વીમાં સર્વનું સર્જન કેવી રીતે અને કેમ કરવામાં આવ્યું?

- કલોસ્સી 1:17 મુજબ આખા જગતને કોણ નિભાવી રાખે છે?

COPY

**વધારાની માહિતી:** "પ્રથમજનિત" એ "પ્રથમ સર્જન" સાથે સમકક્ષ નથી. ઈસુનો માનવીય સ્વભાવ હતો, તેના દિવ્ય સ્વભાવનું ક્યારેય સર્જન થયું ન હતું. જેમ યોહાન કહે છે "આદિએ" તે "દેવની સંઘાતે હતો" અને "દેવ હતો."

આ ઘટનામાં જે ઈસુ અનુસરે છે તેમાં તે યહૂદીઓ સાથે વાત કરે છે. યહૂદીઓનો પૂર્વજ ઈબ્રાહિમ, ઈસુ જન્મ્યો તેના બે હજાર વર્ષ અગાઉ જીવ્યો અને મરણ પામ્યો હતો.

## શોધો :

યોહાન 8 : 54 - 59 વાંચો અને નિશાન કરો....

- ઈબ્રાહિમના દરેક સંદર્ભ ઉપર મોટો (ઈ) નું નિશાન કરો.
- **ઈસુ** અને તેના બધા જ સર્વનામો પર † ક્રોસનું નિશાન કરો.

### યોહાન 8 : 54 - 59

54. ઈસુએ ઉત્તર આપ્યો કે, જો હું પોતાને માન આપું, તો મારું માન કંઈ જ નથી; મને માન આપનાર તો મારો બાપ છે, જેના વિશે તમે કહો છો કે, તે અમારો દેવ છે.

55. વળી તમે તેને ઓળખ્યો નથી; પણ હું તેને ઓળખું છું; જો હું કહું કે હું તેને નથી ઓળખતો, તો હું તમારા જેવો જૂઠો ઠરું; પણ હું તેને ઓળખું છું, અને તેનું વચન પાળું છું.

56. તમારો બાપ ઈબ્રાહિમ મારો સમય જોવા(ની આશાથી) હર્ષ પામ્યો; અને તે જોઈને તેને આનંદ થયો.

57. ત્યારે યહૂદીઓએ તેને કહ્યું કે, હજી તો તું પચાસ વરસનો થયો નથી, અને શું તેં ઈબ્રાહિમને જોયો છે?

58. ઈસુએ તેઓને કહ્યું કે, હું તમને ખચીત ખચીત કહું છું કે, ઈબ્રાહિમનો જન્મ થયા પહેલાનો હું છું.

59. ત્યારે તેઓએ તેને મારવાને પથ્થર હાથમાં લીધા; પણ ઈસુ સંતાઈ જઈને મંદિરમાંથી બહાર નીકળી ગયો.

COPY

**વધારાની માહિતી:** *"હું છું" એ નામનો ઉપયોગ કરીને દેવ પોતાને મૂસા સાથે પોતાનો પરિચય આપે છે. મૂસા જે ઈસુ ખ્રિસ્તના લગભગ 1400 વર્ષો અગાઉ જીવી ગયો હતો જેનો ઉપયોગ ઈસ્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવવા માટે દેવ દ્વારા કરાયો હતો. ઈસુ પોતાને "હું છું" કહીને પોતાનો પરિચય આપીને દેવ સાથે પોતાને ઓળખાવે છે જે મૂસાને બળતા ઝાડવામાં પ્રગટ થયો હતો.*

COPY

## પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો :

- *આ કલમોમાં ઈસુ શાનો દાવો કરી રહ્યો છે? તે પોતાના વિશે શું પ્રગટ કરી રહ્યો છે?*

- *ઈસુના દાવાઓનો યહૂદીઓએ કેવી રીતે વિરોધ કર્યો?*

- *ઈસુએ તેમના વિરોધોને કેવી રીતે પ્રતિભાવ આપ્યો?*

- *કલમ 59 મુજબ કઈ બાબતને લીધે યહૂદીઓ "પથ્થરો લઈને તેને મારવા માટે" ઉશ્કેરાયા હતા તે માટે તમે શું વિચારો છો?*

## શોધો :

વાંચો હિબ્રૂ 1 : 1 - 3, 10 - 12 અને

- **ઈસુ**ના સર્વ સંદર્ભો પર † ક્રોસનું નિશાન કરો તેમાં **પુત્ર અને પ્રભુ**નો પણ સમાવેશ કરો.
- **દેવબાપ**ના બધા જ સંદર્ભ ઉપર તથા સર્વનામો ઉપર △ ત્રિકોણનું નિશાન કરો.

## હિબ્રૂ 1 : 1 - 3, 10 - 12

**1.** પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજોની સાથે દેવ અનેક વાર તથા અનેક પ્રકારે બોલ્યો,

2. તે આ છેલ્લા સમયમાં પુત્ર કે, જેને તેણે સઘળાંનો વારસ ઠરાવ્યો અને વળી જેના વડે તેણે જગતોને ઉત્પન્ન કર્યાં; તે દ્વારા આપણી સાથે બોલ્યો.

3. તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સઘળાંને નિભાવી રાખે છે; તે પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન (પિતા)ની જમણી તરફ ઉચ્ચસ્થાને બેઠો છે.

10. વળી, ઓ પ્રભુ, આરંભમાં તેં પૃથ્વીનો પાયો નાખ્યો, અને આકાશો તારા હાથની કૃતિ છે.

11. તેઓ નાશ પામશે, પણ તું કાયમ રહે છે; વસ્ત્રની પેઠે તેઓ સર્વ જીર્ણ થઈ જશે;

12. તું ઝભ્ભાની પેઠે તેઓને વાળી લઈશ, અને વસ્ત્રની પેઠે તેઓને બદલવામાં આવશે; પણ તું એવો ને એવો જ છે, ને તારાં વર્ષોનો અંત કદી આવશે નહિ.

COPY

**પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો:**

- દેવ ભૂતકાળમાં (પૂર્વજો) સાથે કેવી રીતે બોલ્યો હતો? આપણી સાથે હવે તે કેવી રીતે બોલે છે?

- આ કલમમાંથી ઈસુ વિશે તમે શું શીખ્યા?

- જ્યારે દેવે જગતનું સર્જન કર્યું ત્યારે ઈસુ ક્યાં હતો?

- કોણ સઘળું નિભાવી રાખે છે અને કેવી રીતે?

- અત્યારે ઈસુ ક્યાં છે?

- પૃથ્વીનો પાયો કોણે નાખ્યો હતો અને કોના હાથો દ્વારા આકાશ ઉત્પન્ન કરાયું?

- પ્રભુ સ્વર્ગ અને પૃથ્વી સાથે શું કરશે?

COPY

**વધારાની માહિતીઃ** "વારસ" સામાન્ય રીતે એ વ્યક્તિ છે જે કાયદેસર રીતે વ્યક્તિના મૃત્યુ પછી તેના સ્થાને સંપત્તિ અથવા પૂરોગામીના પદ પર હકદાર બને છે. અહિંયા દેવ ઈસુને સઘળાનો વારસ ઠરાવે છે. તે એ હકીકત સાથે સંબંધિત છે કે દેવે સર્વની ઉત્પત્તિ તેના દ્વારા કરી હતી. દેખીતી રીતે દેવ મરતો નથી અને પોતાના પુત્રને માટે વારસો મૂકતો નથી. કલમ એ પણ શીખવે છે કે ઈસુ પોતાના શબ્દોના પરાક્રમ દ્વારા સર્વ વસ્તુઓને નિભાવી રાખે છે અને તેણે પાપથી શુદ્ધિકરણ કરીને બાપને જમણે હાથે બિરાજેલો છે. આપણે ઈસુ એક વ્યક્તિ તથા તેના કાર્યો વિશે આવનાર પ્રકરણમાં વધુ શીખીશું.

## શોધો :

વાંચો યોહાન 17 : 1 - 5 અને નિશાન કરો....

- **ઈસુ**ના બધા જ સંદર્ભ સાથે **પુત્ર**નો સમાવેશ કરતા તેની ઉપર † ક્રોસનું નિશાન કરો.
- **ઈશ્વર પિતા**ના દરેક સંદર્ભ ઉપર △ ત્રિકોણનું નિશાન કરો તેમાં તેમના સર્વનામોનો સમાવેશ કરો.

COPY

### યોહાન 17 : 1 - 5

1. એ વાતો કહી રહ્યાં પછી ઈસુએ આકાશ તરફ નજર ઊંચી કરીને કહ્યું કે, હે બાપ, સમય આવ્યો છે; તું તારા દીકરાને મહિમાવાન કર કે, દીકરો તને મહિમાવાન કરે.
2. કારણ કે તેં સર્વ માણસો પર તેને અધિકાર આપ્યો છે કે, જેઓને તેં તેને આપ્યાં છે તે સર્વને તે અનંતજીવન આપે.
3. અનંતજીવન એ છે કે તેઓ તને એકલા ખરા દેવને તથા ઈસુ ખ્રિસ્ત જેને તે મોકલ્યો છે તેને ઓળખે.
4. જે કામ કરવાનું તેં મને સોંપ્યું છે તે પૂરું કરીને મેં તને પૃથ્વી પર મહિમાવાન કર્યો છે.
5. અને હવે, હે બાપ, જગત ઉત્પન્ન થયા અગાઉ તારી સાથે જે મહિમા હું ભોગવતો હતો તે વડે તું હમણાં પોતાની સાથે મને મહિમાવાન કર.

## પોતાની જાતે વિચારો અથવા સંગતમાં ચર્ચા કરો પછી તમારા જવાબો લખો :

- *આ કલમમાંથી તમે ઈસુ વિશે શું શીખી શકો છો ?*

- *ઈશ્વર પિતા વિશે શું શીખી શકો છો ?*

- *બીજી કલમમાં ઈસુ શું કહે છે, તેની પાસે હતું, તેને કોણે આપ્યું અને તે તેઓની સાથે શું કરશે ?*

- *કલમ ત્રણમાં અનંતજીવન "શું છે" તે માટે ઈસુ શું કહે છે ?*

- *કલમ 5 ઈસુ પોતા વિશે શું દાવો કરે છે ? શું તમે જોઈ શકો છો કે આ કેવી રીતે તેની સાથે મેળાપમાં છે જે આપણે પહેલા ઈસુ વિશે શીખ્યા હતા ?*

COPY

## સારાંશ કરીએ

આ પ્રકરણમાં આપણે જોયું કે ઈસુ દેવનો પુત્ર છે અને જેને "ઈમાનુએલ" (દેવ આપણી સાથે) કહે છે. આપણે જોયું કે ભવિષ્યની સત્તા ઈસુના ખાંધ ઉપર રહેશે. તેનું નામ "અદ્‌ભૂત મંત્રી, સમર્થ દેવ, સનાતન પિતા, શાંતિનો રાજકુમાર" કહીને બોલાવવામાં આવશે. ઈસુની સત્તા અને શાંતિમાં વૃદ્ધિનો પાર રહેશે નહિ. તેનું રાજ્ય પ્રમાણિક અને ન્યાયી હશે. તે પૃથ્વી પર સદાકાળ અને સદાકાળ રાજ કરશે. આપણે એ પણ જોયું કે શબ્દ સદેહ થયો, જે દેવની સંઘાતે હતો અને તેના દ્વારા જ સઘળાનું સર્જન થયું. "સઘળાનું" એ બતાવે છે કે તે સર્જકને આધીન છે. તે મહિમાવંત, અને કૃપા તથા સત્યતાથી ભરપૂર છે.

ઈસુ અદૃશ્ય દેવની પ્રતિમા છે અને દેવના સર્વ સર્જનમાં અગ્રેસર છે. આકાશ અને પૃથ્વીમાંનું સઘળું, દૃશ્ય અને અદૃશ્ય ઈસુ દ્વારા અને ઈસુ માટે સૃજાયેલ છે. તે સર્વથી પ્રથમ છે અને તેનામાં સૃષ્ટિનું સઘળું એક સાથે નિભાવી રાખે છે. ઈસુ એ આકાશ અને પૃથ્વીનો પાયો નાખ્યો છે. આ સૃષ્ટિના લાખો તારાઓ, બ્રહ્માંડ અને આકાશગંગાઓ તેના હાથોના કામ છે. અને એક દિવસ તે તેમને વીંટાળી લેશે. ખાસ કરીને આ વિષે આપણે છેલ્લા પ્રકરણમાં વધુ વાંચીશું જેનું શીર્ષક છે **તેનું બીજું આગમન.**

COPY


preceptindia.org